અ. ક્ર. ૧૬/૨૦૨૧-૨૨, ફીમેલ હેલ્થ વર્કર

આ પ્રશ્નપત્રમાં કુલ 16 છાપેલા પાના છે.

# FHW-21-22

કુલ ગુણ : 100

સમય : 1 કલાક

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

પ્રશ્નપુસ્તિકા કોડ : **E**

FHW-21-22
E 91601247
SEAL SEAL SEAL SEAL

ઉમેદવારની સહી : ____________ ખંડ નિરીક્ષકની સહી : ____________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

ઉમેદવારોને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય, પાના નંબર તથા પ્રશ્ન ક્રમાંક સીરીયલમાં ન હોય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E આપેલ છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

(E) Not Attempted

જવાબવહી (Answer Sheet)માં

A ○ B ● C ○ D ○ E ○

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iii) એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ **"E" ("Not Attempted") રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.**

આમ ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i), (ii), (iii) મુજબ માઈનસ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર OMR SHEETના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે તથા ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) પર નિયત જગ્યાએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું **રહેશે તેમજ OMR SHEET ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :

(સાચા જવાબની સંખ્યા x 1) – {(ખોટા જવાબની સંખ્યા x 0.33) + (ખાલી છોડેલ પ્રશ્નની સંખ્યા x 0.33) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા x 0.33)} = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

PariksaPath . pariksapath.in

SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા



ParikSaPath . pariksapath.in

1. This is the _______ specimen I _______.

(A) perfectest, saw
(B) more perfect, seen
(C) most perfect, have seen
(D) much perfect, may seen
(E) Not Attempted

2. WHO દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રાણ ઘાતક જીવલેણ વાઈરસમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી?

(A) ઇબોલા
(B) લાસા ફિવર
(C) મિઝલ્સ
(D) જીકા વાયરસ
(E) Not Attempted

3. 13 માસના અને 6 કિલો વજન ધરાવતા અતિ કુપોશિત બાળક ને વિટામીન એ નો કેટલો ડોઝ આપવો જોઇએ?

(A) 50000 આઇ. યુ.
(B) 100000 આઇ. યુ.
(C) 150000 આઇ. યુ.
(D) 200000 આઇ. યુ.
(E) Not Attempted

4. મહાત્મા ગાંધીજીની દાંડી યાત્રાને "મહાભિનિષ્ક્રમણ" સાથે કોણે સરખાવી હતી ?

(A) સરદાર વલ્લભભાઈ પટેલ
(B) સુભાષચંદ્ર બોઝ
(C) સરોજિની નાયડુ
(D) મહાદેવભાઈ દેસાઈ
(E) Not Attempted

5. ચેપી રોગથી બિમાર વ્યક્તિને ઇન્ક્યુબેશન પીરીયડ (Incubation Period) સુધી બિમાર ના હોય તેવા લોકોથી અલગ રાખવાને શું કહેવાય?

(A) આઇસોલેશન (Isolation)
(B) ક્વોરોંન્ટાઇન (Quarantine)
(C) સેપરેશન (Seperation)
(D) અહિયા દર્શાવેલ પૈકી એક પણ નહિ
(E) Not Attempted

6. એક સાંકેતીક ભાષામાં LUTE ને MUTE, FATE ને GATE તરીકે લખવામાં આવતું હોય તો તે સાંકેતીક ભાષામાં BLUE કેવી રીતે લખાય ?

(A) CLUE
(B) GLUE
(C) FLUE
(D) SLUE
(E) Not Attempted

7. ORS ની WHO ફોર્મ્યુલેશન મુજબના પેકેટમાં પોટેશીયમ ક્લોરાઇડનું પ્રમાણ કેટલું હોય છે?

(A) 3.5 ગ્રામ
(B) 2.5 ગ્રામ
(C) 1.5 ગ્રામ
(D) 0.5 ગ્રામ
(E) Not Attempted

8. સમાનાર્થી શબ્દનો કયો વિકલ્પ સાચો છે ?

(A) બાંધવ = બાંધવું
(B) બાંધવ = સંબંધ
(C) બાંધવ = ભાઈ
(D) બાંધવ = બંધન
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

9. ઓરલ થ્રસ થવા માટે કારણભુત ઓર્ગેનીજમ કયા છે?

(A) સ્ટેફાઈલોકોક્સ (Staphylococcus)

(B) કેન્ડીડા આલ્બીકન્સ (Candida Albicans)

(C) સ્ટેપ્ટોકોક્સ (Streptococcus)

(D) ગોનોકોક્સ (Gonococcus)

(E) Not Attempted

10. આરોગ્યકર્મીઓ ઘરે ઘરે જઇને તાવના કેસો નોંધે તેને :

(A) રુટીન સર્વેલાન્સ (Routine Surveillance)

(B) એક્ટીવ સર્વેલાન્સ (Active Surveillance)

(C) પેસિવ સર્વેલાન્સ (Passive Surveillance)

(D) ફીવર સર્ચ

(E) Not Attempted

11. જ્યારે કોઈ સ્ત્રી ગર્ભાવસ્થાના પ્રારંભમાં રૂબેલા વાયરસથી સંક્રમિત થાય છે, ત્યારે જન્મજાત રુબેલા (Congenital Rubella Syndrome(CRS)) માટે નીચે પૈકી કયુ સાચુ છે?

(A) તેના ગર્ભમાં વાયરસ પસાર થવાની 60% શક્યતા હોય છે.

(B) તેના ગર્ભમાં વાયરસ પસાર થવાની 70% શક્યતા હોય છે.

(C) તેના ગર્ભમાં વાયરસ પસાર થવાની 80% શક્યતા હોય છે.

(D) તેના ગર્ભમાં વાયરસ પસાર થવાની 90% શક્યતા હોય છે.

(E) Not Attempted

12. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 2017 માં શરૂ કરવામાં આવેલ ઈન્ટેન્સીફાઈડ મિશન ઈન્દ્ર ધનુષ (IMI) કાર્યક્રમનો ઉદ્દેશ (હેતુ) શું હતો ?

(A) સગર્ભા માતાઓનું રસીકરણ

(B) નવજાત શિશુ થી બે વરસ સુધીના બાળકોનું રસીકરણ

(C) સગર્ભા માતાઓ અને નવજાત શિશુ થી બે વરસ સુધીના બાળકોનું રસીકરણ

(D) સગર્ભા માતાઓ અને નવજાત શિશુ થી એક વરસ સુધીના બાળકોનું રસીકરણ

(E) Not Attempted

13. મલ્ટિ બેસીલરી પ્રકારના રક્તપિત્તની સારવાર કેટલા સમયની હોય છે?

(A) છ માસ

(B) નવ માસ

(C) બાર માસ

(D) અઢાર માસ

(E) Not Attempted

14. 1 ગ્રામ પ્રોટીનમાંથી કેટલી કેલેરી મળે?

(A) 2 કેલેરી

(B) 4 કેલેરી

(C) 9 કેલેરી

(D) 10 કેલેરી

(E) Not Attempted

15. નીચેનામાંથી વિકારી વિશેષણ શોધો.

(A) ઉજ્જડ

(B) ખાલી

(C) વાંકુંચૂકું

(D) કરુણ

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

16. 'રમતાં બાળકો વહાલાં લાગે.' - રેખાંકિત કૃદંતનો પ્રકાર જણાવો.

(A) હેત્વર્થ કૃદંત
(B) વર્તમાન કૃદંત
(C) સંબંધક ભૂતકૃદંત
(D) સામાન્ય કૃદંત
(E) Not Attempted

17. Get _______ sugar _______ the nearest grocer.

(A) any, by
(B) some, from
(C) many, from
(D) a few, from
(E) Not Attempted

18. સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી 2020 (Sir Garfield Sobers Trophy 2020) માં કોને મળી છે ?

(A) સ્ટીવ સ્મીથ
(B) વિરાટ કોહલી
(C) એમ. એસ. ધોની
(D) કેન વિલીયમસન
(E) Not Attempted

19. ગંભીર કુપોષણ વિનાના Shock વાળા 1 થી 3 વરસ ના બાળક ને Ringer Lactate કે સામાન્ય બાટલો (Regular Infusion) પ્રથમ વખત કેટલા પ્રમાણમાં આપવું જોઈએ?

(A) 10 મી.લી/ કી.ગ્રા (10 ml/Kg)
(B) 20 મી.લી/ કી.ગ્રા (20 ml/Kg)
(C) 15 મી.લી/ કી.ગ્રા (15 ml/Kg)
(D) 25 મી.લી/ કી.ગ્રા (25 ml/Kg)
(E) Not Attempted

20. The soldier _______ an arm _______ the battle.

(A) lost, on
(B) loose, in
(C) lose, at
(D) lost, in
(E) Not Attempted

21. ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણની માર્ગદર્શિકા અનુસાર સ્નેક બાઇટ વખતે નીચે પૈકી કઇ વાત સાચી નથી?

(A) ફ્રેક્ચર થયેલ અંગની જેમ અંગને સ્થિર કરો
(B) પીડિત તબીબી આરોગ્ય સુવિધા સુધી પહોંચે ત્યાં સુધી મોં દ્વારા કશું ના આપવું
(C) બાઇટની નજીક ટોર્નિકેટ બાંધવો
(D) ફોલ્લાઓને જે તે પરીસ્થિતીમાં રહેવા દેવા
(E) Not Attempted

22. માતાના શરીરમાં બ્રેસ્ટ મીલ્ક ઉત્પન કરવા માટે કયો હોર્મોન જવાબદાર છે?

(A) ઈસ્ટરોજન
(B) પ્રોજેસ્ટેરોન
(C) લેકટીન
(D) પ્રોલેકટીન
(E) Not Attempted

23. Perhaps I _______ Mumbai the _______ month.

(A) will visit, next
(B) will visiting, last
(C) will be visit, every
(D) visiting, that
(E) Not Attempted



ParikaPath . pariksapath.in

24. લક્ષ્ય (LAQSHYA) કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબની કઇ બાબતને નહી કરવાની સુચના છે?

(A) નવજાત શિશુના જન્મ બાદ તરત જ અમ્બિલીકલ કોર્ડ કાપી નાખવો

(B) નવજાત શિશુના જન્મ બાદ તરત જ અમ્બિલીકલ કોર્ડ કાપી નહિ નાખવો

(C) નવજાત શિશુના જન્મ બાદ તરત જ અમ્બિલીકલ કોર્ડ દોરીથી બાંધી દેવો

(D) નવજાત શિશુના જન્મ બાદ તરત જ અમ્બિલીકલ કોર્ડ ફોરસેપથી લોક કરી દેવો

(E) Not Attempted

25. _______, the sun is setting in the _______.

(A) Look, waste
(B) Look, waist
(C) Look, vest
(D) Look, west
(E) Not Attempted

26. માતા જેટલી વાર ગર્ભવતી રહે તેને શું કહે છે?

(A) પારા (Para)
(B) ગ્રેવીડા (Gravida)
(C) ગ્રાન્ડ પારા (Grand Para)
(D) અહિયા દર્શાવેલ તમામ
(E) Not Attempted

27. $\sqrt[3]{64} - \sqrt[4]{81} =$ .......... ખાલી જગ્યા પૂરો.

(A) 1 (One)
(B) 4 (Four)
(C) 3 (Three)
(D) 2 (Two)
(E) Not Attempted

28. બારડોલી સત્યાગ્રહ ગુજરાતમાં સરદાર પટેલ દ્વારા કયા વર્ષમાં ચાલુ થયો ?

(A) 1917
(B) 1928
(C) 1933
(D) 1942
(E) Not Attempted

29. ક્રિકેટની રમતમાં કોઈ ખેલાડીની બદલીમાં મેદાન પર આવેલ અવેજી ખેલાડી નીચેના પૈકી શાના માટે માન્ય કરવામાં આવે છે ?

(A) બેટીંગ માટે
(B) ફીલ્ડીંગ માટે
(C) વિકેટ કીપીંગ માટે
(D) બોલીંગ માટે
(E) Not Attempted

30. નીચે આપેલ વાક્યનો પ્રેરક વાક્યરચનાનો સાચી વિકલ્પ શોધો :

માળી ઝાડ કાપે છે.

(A) માળીથી ઝાડ કપાય છે.
(B) માળીએ ઝાડ કાપ્યું.
(C) માળીએ કુહાડીથી ઝાડ કાપ્યું.
(D) માળી તેના દીકરા પાસે ઝાડ કપાવે છે.
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

31. ગુજરાત સરકારની વિદ્યા સાધના યોજના માટેની પાત્રતા માટે ગ્રામીણ વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા કેટલી હોવી જોઈએ ?

(A) રૂા. 1,20,000/- સુધીની
(B) રૂા. 1,50,000/- સુધીની
(C) રૂા. 68,000/- સુધીની
(D) રૂા. 1,00,000/- સુધીની
(E) Not Attempted

32. નીચે પૈકી કયુ ફેટ સોલ્યુબલ વિટામીન છે?

(A) થાયામીન (Thiamin)
(B) રીબોફ્લેવીન (Riboflavin)
(C) નાયાસીન (Niacin)
(D) કેપીલીન (Keplin)
(E) Not Attempted

33. બાળકમાં નાળનો ચેપ લાગે તો કઇ દવા લગાવવામાં આવે છે?

(A) મીથીલીને બ્લ્યુ 1%
(B) મીથીલીને બ્લ્યુ 0.5%
(C) જેન્સન વાયોલેટ 1%
(D) જેન્સન વાયોલેટ 0.5%
(E) Not Attempted

34. બાયોમેડીકલ વેસ્ટના નિયમ મુજબ ડીલેવરી બાદ પ્લાસન્ટા (Placenta) નો અંતિમ નિકાલ (Inciniration) કરતા પહેલા અન્ય આઇટમમાંથી અલગ પાડી કયા રંગની બેગ બકેટમાં રાખવાની હોય છે?

(A) લાલ રંગની
(B) પીળા રંગની
(C) કાળા રંગની
(D) અહિયા દર્શાવેલ તમામ
(E) Not Attempted

35. રમેશ કે જે 3.5 વરસનો છે તેને પેટ મા સતત ચુંક આવે છે અને સંડાસમાં રુધિર અને પરુ પડે છે તો તેને નીચે પૈકી કઈ બિમારી હોઇ શકે?

(A) મરડો
(B) કોલેરા
(C) કમળો
(D) પોલિયો
(E) Not Attempted

36. રક્તકણ શરીરના કયા અંગમા ઉત્પન્ન થાય છે?

(A) બરોડ (Spleen)
(B) બોન મેરો (Bron Marrow)
(C) લીવર (Liver)
(D) કિડની (Kidney)
(E) Not Attempted

37. ગુજરાત સરકારે વર્ષના કયા માસમાં 9 માસ થી 5 વર્ષના બાળકોને અચુક વિટામીન એ (Vitamin –A) પિવડાવવાનું નક્કી કર્યુ છે?

(A) જાન્યુઆરી-જુલાઇ
(B) ફેબ્રુઆરી-ઓગસ્ટ
(C) માર્ચ-સપ્ટેમ્બર
(D) એપ્રિલ-ઓક્ટોબર
(E) Not Attempted

38. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ લાભાર્થીને એક લાખ રૂપીયાની સહાય .......... % ના દરે આપવામાં આવે છે.

(A) 2.5
(B) 2
(C) 3
(D) 1
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

39. નીચેના પૈકી કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) જીલ્લાના અથવા તેના ભાગના કોઈપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલ વિધાનસભ્યશ્રી જીલ્લા પંચાયતમાં કાયમી નિમંત્રીત રહે છે.

(B) દરેક પંચાયતની મુદત પ્રથમ બેઠકની તારીખથી પાંચ વર્ષની રહે છે.

(C) જીલ્લા / તાલુકાનું મુખ્ય મથક સંબંધીત પંચાયત નક્કી કરે છે.

(D) ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ની કલમ 11 જીલ્લા પંચાયતોની રચના અંગેની છે.

(E) Not Attempted

40. ઉંચાઈના આધારે નીચેના પૈકી કઇ સગર્ભાને જોખમની સંભાવના ધરાવતી સગર્ભા તરીકે ઓળખી શકાય?

(A) ઉંચાઇ 151 થી 155 સે.મી સુધીની
(B) ઉંચાઇ 146 થી 150 સે.મી સુધીની
(C) ઉંચાઇ 140 થી 145 સે.મી સુધીની
(D) ઉંચાઇ 140 સે.મી થી ઓછી
(E) Not Attempted

41. Who was _______ first man to walk on _______ moon ?

(A) a, a
(B) an, on
(C) an, the
(D) the, the
(E) Not Attempted

42. જ્યારે કોઇ વ્યક્તિ જીવજંતુ મારવાની દવા પી જાય તો તેને ગસ્ટ્રીક લવાજ (Gastric Lavage) નીચે પૈકીના કયા સંજોગોમાં કઇ શરતે આપવો જોઇએ.

(A) જો દર્દીએ એક કલાકની અંદર દવા પીધી હોય
(B) દર્દીએ ગસ્ટ્રીક લવાજ માટે સંમતિ આપી હોય
(C) દર્દી ભાનમાં હોય
(D) અહિયા દર્શાવેલ તમામ
(E) Not Attempted

43. પાર્ટોગ્રાફ નીચે જણાવેલ કઇ માહિતી આપે છે?

(A) પેલ્વિક બોન બરાબર છે

(B) માતા અને બાળકને આપવાની દવાઓ બાબતે

(C) માતા અને બાળકની ક્ષેમકુશળ તેમજ સુવાવડની પ્રગતિ જણાવે છે

(D) આવનાર બાળકના માથાની સ્થિતિ દર્શાવે છે

(E) Not Attempted

44. નાણાં, ગૃહરક્ષકો અને ગ્રામસંરક્ષણને લગતા કાર્યો અને પંચાયતના બીજી કોઈ સમિતિને નહીં સોંપેલ બીજા કાર્યો અને ફરજો બજાવવા માટે જીલ્લા પંચાયત કઈ સમિતિની રચના કરશે ?

(A) સામાજીક ન્યાય સમિતિ
(B) શિક્ષણ સમિતિ
(C) કારોબારી સમિતિ
(D) જાહેર બાંધકામ સમિતિ
(E) Not Attempted

45. એમ્પુયલ ખોલતા પહેલા ઉપરનો ભાગ નીચે પૈકી શેનાથી લુછવો જોઈએ?

(A) 70% આલ્કોહોલ
(B) 5% લાઇસોલ
(C) 5% સેવલોન
(D) 2% ગ્લુટરાલ્ડીહાઇડ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

46. નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો :

ચાતુર્માસ

(A) તત્પુરુષ સમાસ

(B) દ્વન્દ્વ સમાસ

(C) કર્મધારય સમાસ

(D) દ્વિગુ સમાસ

(E) Not Attempted

47. નીચેનામાંથી વિરોધી શબ્દની કઈ જોડ સાચી નથી ?

(A) સૂર્યોદય × સૂર્યાસ્ત

(B) ખરું × ખોટું

(C) સવાર × પ્રભાત

(D) ઊગવું × આથમવું

(E) Not Attempted

48. Lata _______ walks _______.

(A) always, slows

(B) never, slows

(C) always, fastly

(D) always, fast

(E) Not Attempted

49. ભારતના રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ અંતર્ગત પેન્ટાવેલેન્ટ (Pantavalent) રસીનો ડોઝ કેટલો હોય છે?

(A) 0.5 મિ લિ

(B) 1.0 મિ લિ

(C) 0.1 મિ લિ

(D) 0.01 મિ લિ

(E) Not Attempted

50. સગર્ભા અવસ્થા દરમ્યાન દરરોજ ખોરાકમાં વધારાની .......... આપવી જોઈએ.

(A) 200 કેલેરી

(B) 250 કેલેરી

(C) 300 કેલેરી

(D) 350 કેલેરી

(E) Not Attempted

51. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' - નવલકથાના લેખક કોણ છે ?

(A) મનુભાઈ પંચોળી 'દર્શક'

(B) મીરાંબાઈ

(C) રઘુવીર ચૌધરી

(D) જયંતી દલાલ

(E) Not Attempted

52. ટ્રિપોનીમા નામના બેકટેરીયાથી નીચે પૈકી કયો રોગ થાય છે?

(A) ગોનોરિયા

(B) ટ્રેકોમા

(C) સિફિલીસ

(D) એઈડ્સ

(E) Not Attempted

53. અનિલને નાકમાંથી પરુ (એટ્રોફિલ રાઈનાઈટિસ) અને દુર્ગંધ આવે છે. તેને નીચે પૈકી કઈ પ્રાથમીક સારવાર આપશો?

(A) સોડીયમ બાય કાર્બોનેટ સોલ્યુશનથી નાક દિવસમાં બે થી ત્રણ વાર ધોવુ

(B) મિથીલીન બ્લુયુ સોલ્યુશનથી નાક દિવસમાં બે થી ત્રણ વાર ધોવુ

(C) સ્પિરીટ સોલ્યુશનથી નાક દિવસમાં બે થી ત્રણ વાર ધોવુ

(D) પોટેશીયમ કાર્બોનેટ સોલ્યુશનથી નાક દિવસમાં બે થી ત્રણ વાર ધોવુ

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

54. The train _______ at 3 pm and _______ after 10 minutes.

(A) departs, arrived
(B) arrives, departs
(C) arrive, depart
(D) departed, arrives
(E) Not Attempted

55. પુખ્ત વયના માણસની ખોપરીમાં કુલ કેટલા હાડકા હોય છે?

(A) 12 હાડકા
(B) 8 હાડકા
(C) 16 હાડકા
(D) 29 હાડકા
(E) Not Attempted

56. ગુજરાત સરકારની મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના માટે નીચે પૈકી છેલ્લી જોગવાઈ મુજબ કયો વિકલ્પ સાચો છે?

(A) બી.પી.એલ. કુટુંબના તમામ સભ્યો, કુટુંબ દિઠ રુ. બે લાખ ની કેશલેશ સારવાર
(B) બી.પી.એલ. કુટુંબના મહતમ પાંચ સભ્યો, કુટુંબ દિઠ રુ. બે લાખ ની કેશલેશ સારવાર
(C) બી.પી.એલ. કુટુંબના મહતમ ત્રણ સભ્યો, કુટુંબ દિઠ રુ. પાંચ લાખ ની કેશલેશ સારવાર
(D) બી.પી.એલ. કુટુંબના મહતમ પાંચ સભ્યો, કુટુંબ દિઠ રુ. પાંચ લાખની કેશલેશ સારવાર
(E) Not Attempted

57. Which option best expresses the meaning of 'placid' ?

(A) playful
(B) vaccine
(C) engry
(D) calm
(E) Not Attempted

58. Indian Institute of Vegitable Research નું વડું મથક ક્યાં આવેલ છે ?

(A) રાંચી
(B) નવી દિલ્હી
(C) વારાણસી
(D) બેંગલોર
(E) Not Attempted

59. SARS નું ફુલ ફોર્મ શું છે ?

(A) Severe Air Raised Syndrome
(B) Severe Acute Respiratory Syndrome
(C) Severe Acute Respiratory System
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

60. નવલકથા "પેરેલીસીસ"ના લેખક કોણ છે ?

(A) રમણલાલ નીલકંઠ
(B) ચંદ્રકાન્ત બક્ષી
(C) ગુણવંત શાહ
(D) મજમુદાર
(E) Not Attempted

61. હીપેટાઈટીસ એ નો ઈન્ક્યુબેશન પિરિયડ સામાન્ય રીતે કેટલો હોય છે?

(A) 15 થી 45 દિવસ
(B) 14 થી 60 દિવસ
(C) 14 થી 28 દિવસ
(D) 28 થી 160 દિવસ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

62. આલબેંડાજોલ (Albendazole) કયા રોગની સારવાર માટે આપવામાં આવે છે?

(A) હુકવર્મ
(B) એનિમિયા
(C) ટાયફોઇડ
(D) કમળો
(E) Not Attempted

63. સ્ત્રી નસબંધીમાં કઇ નળીને કાપીને બાંધે છે?

(A) ફેલોપીયન ટ્યુબ
(B) ઑવરિયન ટ્યુબ
(C) યુરેટર
(D) વાજ
(E) Not Attempted

64. એવા લાભાર્થીઓ કે જેમને લાભાર્થી તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હોય અને જેમની રસી આપવાની શરૂઆત થઇ હોય પરંતુ સમયપત્રક પ્રમાણે બધી રસીઓ પુર્ણ ના થઇ હોય એને .......... કહે છે.

(A) લેફ્ટ આઉટ
(B) ડ્રોપ આઉટ
(C) લેફ્ટ
(D) રીજોઈનીંગ
(E) Not Attempted

65. She _______ rather opt out _______ lose.

(A) will, then
(B) would, than
(C) is, than
(D) more, than
(E) Not Attempted

66. ધાત્રી માતાને કેલ્શિયમની ગોળી કેટલા દિવસ માટે આપવામાં આવે છે?

(A) 90 દિવસ માટે
(B) 100 દિવસ માટે
(C) 120 દિવસ માટે
(D) 180 દિવસ માટે
(E) Not Attempted

67. કિશોરી અવસ્થામાં ફીમેલને અઠવાડીયામાં એક આયર્ન ટેબ્લેટ ક્યા કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવે છે?

(A) IFS
(B) WIFS
(C) IWFS
(D) WFFAS
(E) Not Attempted

68. પેન્ટાવેલેન્ટ વેક્સીન નીચે પૈકી કયા રોગ સામે રક્ષણ નથી આપતી?

(A) ડીપ્થેરીયા
(B) હીપેટાઇઅટીસ બી
(C) ટીયુબરક્યુલોસીસ (ટી.બી)
(D) પરટ્યુટીસ
(E) Not Attempted

69. ભારતમાં નેશનલ કેંસર કન્ટ્રોલ પ્રોગ્રામ ક્યારથી અમલમાં આવ્યો?

(A) 1965
(B) 1975
(C) 1985
(D) 1988
(E) Not Attempted

70. કોઇ પણ તંદુરસ્ત પુરુષ કેટલા સમયના અંતરે રક્તદાન (બ્લડ ડોનેશન) કરી શકે?

(A) દર ચાર મહિને
(B) દર બે મહિને
(C) વરસમાં એક વાર
(D) દર ત્રણ મહિને
(E) Not Attempted



ParikssaPath . pariksapath.in

71. શાળા આરોગ્ય વીકલી કાર્યક્રમના ત્રીજા દિવસે કયા પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે?

(A) ન્યુટ્રીશન ડે/પોષક આહારની સમજણ તથા નિર્દેશન
(B) હેલ્થ અંગેના પોઝીટિવ સંદેશાઓ
(C) સાંસ્કૃતિક કાર્યક્રમો
(D) સેનિટેશન- ડે/ગ્રામ સફાઇ, સ્કુલ સફાઇ
(E) Not Attempted

72. નીચે આપેલ અંગ્રેજી શબ્દો પૈકી કયો શબ્દ અંગ્રેજી ડીક્શનેરીમાં બીજા ક્રમે આવે ?

(A) MAGICAL
(B) MAGNETIC
(C) MAGNIFY
(D) MARSHAL
(E) Not Attempted

73. આંગણવાડી કેંદ્રો ખાતે અન્નપ્રાશન દિવસની ઉજવણી ક્યારે કરવામા આવે છે?

(A) દર મહિનાના બીજા બુધવારે
(B) દર મહિનાના ચોથા શુક્રવારે
(C) દર મહિનાના બીજા મંગળવારે
(D) દર મહિનાના ચોથા ગુરુવારે
(E) Not Attempted

74. જીવરામ ભટ્ટ કયા નાટકનું પાત્ર છે ?

(A) કાકાની શશી
(B) રાઈનો પર્વત
(C) લક્ષ્મી
(D) મિથ્યાભિમાન
(E) Not Attempted

75. ભારતના સંવિધાનની 8 (આઠમી) અનુસૂચિમાં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) ભાષાઓ
(B) વહીવટી ટ્રિબ્યુનલો
(C) અખિલ ભારતીય સેવાઓ
(D) નાણાં આયોગ
(E) Not Attempted

76. _______ the rain continued, I _______ at his home.

(A) No longer, stay
(B) As soon as, stays
(C) So long as, stayed
(D) Untill, staying
(E) Not Attempted

77. જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા સાથે મળીને કઈ હાસ્યસભર નવલકથા આપી છે ?

(A) 'ત્રીજું સુખ'
(B) 'રેતીની પોટલી'
(C) 'અમે બધાં'
(D) 'પાનનાં બીડાં'
(E) Not Attempted

78. ડીલેવરી દરમ્યાન યોનિમાર્ગના મ્યુકોસા, સંયોજક પેશીઓ અને તેની નીચેના સ્નાયુ ફાટવાને કયા ડીગ્રીનુ વજાઇનલ અને પેરેનીયક ટીયર (Vaginal and perineal tears) કહેવાય ?

(A) પ્રથમ ડિગ્રી ટિયર (First Degree Tear)
(B) સેકન્ડ-ડિગ્રી ટિયર (Second Degree Tear)
(C) તૃતીય-ડિગ્રી ટિયર (Third Degree Tear)
(D) ચતુર્થ-ડિગ્રી ટિયર (Fourth Degree Tear)
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

79. નીચેનામાથી કઇ દવા શ્રવણ શક્તિને નુકશાન કરનાર દવા છે?

(A) સ્ટ્રેપટોમાઈસીન (Streptomycin)

(B) પેરાસીટામોલ (Paracetamol)

(C) ફોલિક એસીડ (Folic Acid)

(D) સિટ્રીજીન (Citrizine)

(E) Not Attempted

80. બીરજુ મહારાજ કયા નૃત્ય સાથે સંકળાયેલ હતા ?

(A) કુચીપુડી

(B) ભરત નાટ્યમ

(C) કથકલી

(D) કથ્થક

(E) Not Attempted

81. "કૃષ્ણ છે મહાચોર, સ્મરણમાત્રથી જ ચોરી લે પાપ જન્મોનાં" - આ પંક્તિનો અલંકાર ઓળખાવો.

(A) અનન્વય

(B) વ્યાજસ્તુતિ

(C) સજીવારોપણ

(D) સ્રગ્ધરા

(E) Not Attempted

82. 'જીવમાં જીવ આવવો.' - રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) ભયથી શાંતિ છવાઈ જવી.

(B) મુશ્કેલી આવવી.

(C) નીડરતાથી સંજોગોનો સામનો કરવો.

(D) ભય જતાં સ્થિરતા અનુભવવી.

(E) Not Attempted

83. _______ not the _______ excuse for it.

(A) Does, slightest

(B) Was it, slightest

(C) There was, slightest

(D) There will, slight

(E) Not Attempted

84. ORS ની ફોર્મ્યુલામાં તાજેતરમાં કયા ક્ષારનો ઉમેરો થયો છે? આ ક્ષારની ગોળી કેટલા દિવસ માટે આપવાની હોય છે?

(A) ઝીંક, 14 દિવસ માટે

(B) સલ્ફર, 14 દિવસ માટે

(C) સોડીયમ, 7 દિવસ માટે

(D) ક્લોરાઇડ, 7 દિવસ માટે

(E) Not Attempted

85. They _______ heard the _______ news.

(A) are not, late

(B) might not, latest

(C) have not, latest

(D) have, lastest

(E) Not Attempted

86. ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ MPA એ પ્રોજેસ્ટોજન-ઓન્લી ઈન્જેક્ટેબલ (POI) છે જે દર .......... ડીપ ઈન્ટ્રા-મસ્ક્યુલર આપવામાં આવે છે.

(A) એક મહિને

(B) બે મહિને

(C) ત્રણ મહિને

(D) છ મહિને

(E) Not Attempted



ParikSaPath . pariksapath.in

87. સાચી જોડણી ઓળખાવો.

(A) વીજળિ
(B) વિજળિ
(C) વીજળી
(D) વિજળી
(E) Not Attempted

88. એવી સંખ્યા શોધો કે જે સંખ્યામાં તે જ સંખ્યા 13 વાર ઉમેરવામાં આવે તો પરિણામ 112 આવે.

(A) 7
(B) 8
(C) 9
(D) 11
(E) Not Attempted

89. "પોતાનું સ્થાન નગણ્ય હોવા છતાં 'સઘળો વહીવટ પોતાના હાથમાં જ છે', તેવો આડંબર કરવો." - અર્થ ધરાવતી કહેવત કઈ ?

(A) જાનમાં કોઈ જાણે નહિ, ને હું વરની ફૂઈ.
(B) ઘરડાં ગાડાં વાળે.
(C) આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.
(D) હાથીના પગલામાં બધાંનાં પગલાં સમાય.
(E) Not Attempted

90. નીચે આપેલ વિકલ્પોમાંથી કયો છંદ 17 (સત્તર) અક્ષરોનો બનેલો હોતો નથી ?

(A) પૃથ્વી
(B) શિખરિણી
(C) મંદાક્રાંતા
(D) અનુષ્ટુપ
(E) Not Attempted

91. The antonym of 'affluence' is _______.

(A) effective
(B) influence
(C) confidence
(D) indigence
(E) Not Attempted

92. બીસીજી વેક્સીનનો ડાયલ્યુઅન્ટ નીચે પૈકી કયો છે?

(A) સોડીયમ ક્લોરાઈડ
(B) સાઈટ્રેટ બાયકાર્બોનેટ
(C) કેલ્શિયમ ગ્લુકોનેટ
(D) સોડીયમ સાઈટ્રેટ
(E) Not Attempted

93. કયો જન્ય રોગ વિટામીનની ઉણપથી થતો નથી?

(A) પેલેગ્રા (Pellagra)
(B) સ્કર્વિ (Scurvy)
(C) મરાસ્મસ (Marasmus)
(D) રીકેટસ (Rickets)
(E) Not Attempted

94. પેરીનેટલ ડેથમાં કયા સમય ગાળાનો સમાવેશ થાય છે?

(A) જન્મ થી 7 દિવસના સમયગાળામાં બાળકનુ મૃત્યુ થાય તેને
(B) જન્મ થી 42 અઠવાડીયાના સમયગાળામાં બાળકનુ મૃત્યુ થાય તેને
(C) સગર્ભા અવસ્થાના 28 વીક પુરા થવાથી માંડીને જન્મ થી 7 દિવસના સમયગાળામાં બાળકનુ મૃત્યુ થાય તેને
(D) સગર્ભા અવસ્થાના 28 વીક પુરા થવાથી માંડીને જન્મ થી 42 અઠવાડીયાના સમયગાળામાં બાળકનું મૃત્યુ થાય તેને
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

95. _______ Andamans are located in _______ bay of Bengal.

(A) The, the
(B) An, a
(C) A, an
(D) The, an
(E) Not Attempted

96. "WORLD ART DAY" કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 14 એપ્રિલ
(B) 15 એપ્રિલ
(C) 24 ઓક્ટોબર
(D) 25 ઓક્ટોબર
(E) Not Attempted

97. "કંચનમાસીથી બોલાયું." - કયા પ્રકારની વાક્યરચના છે ?

(A) ભાવે પ્રયોગ
(B) કર્તરિ પ્રયોગ
(C) કર્મણિ પ્રયોગ
(D) પ્રેરક પ્રયોગ
(E) Not Attempted

98. સાહિત્ય અકાદમી એવોર્ડ 2020ના, ગુજરાતી ભાષાના વિજેતા હરીષ મિનાશ્રુને .......... કૃતિ માટે આપવામાં આવ્યો.

(A) ધ્રિબાંગ સુંદર એણી પર ડોલ્યા
(B) તાંદુલ
(C) બનારસ ડાયરી
(D) સુનો ભઈ સાધો
(E) Not Attempted

99. IPCC નું ફુલ ફોર્મ શું છે ?

(A) Information Processing Command and Control
(B) Interprocess Communication and Control
(C) Intergovernmental Panel on Climate Change
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

100. કોરોના પછી થતા મ્યુકર માઇકોસીસ નીચે પૈકી કયા કારણોથી વધુ થવાની શક્યતા છે?

(A) કોવિડ - 19 ના સંચાલનમાં સ્ટેરોઇડ્સનો બેફામ ઉપયોગ અને અતાર્કિક ઉપયોગ (Rampant overuse and irrational use of steroids in management of COVID – 19)
(B) લાંબા સમય સુધી ICU રોકાણ અને બ્રોડ સ્પેક્ટ્રમ એન્ટિબાયોટિકનો અતાર્કિક ઉપયોગ (Prolonged ICU stay and irrational use of broad spectrum antibiotics)
(C) પહેલા રહેલી બિમારીઓ જેમ કે હેમેટોલોજીકલ મેલીગ્નન્સી, ઇમ્યુનોસપ્રેસન્ટ્સ નો ઉપયોગ, અંગ ટ્રાન્સપ્લાન્ટ વગેરે (Pre-existing co-mrobidities such as hematological malignancies, use of immunosuppressants, solid rogan transplant etc.)
(D) અહિયા દર્શાવેલ તમામ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

QUE. BOOKLET NO.
91601247
SEAL SEAL SEAL

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**



PariksaPath . pariksapath.in

## GUJARAT PANCHAYAT SERVICES SELECTION BOARD

### FINAL ANSWER KEY

Advt. No. : 16/2021-22 - Female Health Worker (FHW-2021-22)
Exam Date : 26/06/2022

### QUESTION PAPER SERIES - E

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 26 | B | 51 | A | 76 | C |
| 2 | C | 27 | A | 52 | C | 77 | C |
| 3 | B | 28 | B | 53 | A | 78 | B |
| 4 | D | 29 | B | 54 | B | 79 | A |
| 5 | A | 30 | D | 55 | B | 80 | D |
| 6 | A | 31 | A | 56 | ★ | 81 | B |
| 7 | C | 32 | ★ | 57 | D | 82 | D |
| 8 | C | 33 | D | 58 | C | 83 | C |
| 9 | B | 34 | B | 59 | B | 84 | A |
| 10 | B | 35 | A | 60 | B | 85 | C |
| 11 | D | 36 | B | 61 | A,C | 86 | C |
| 12 | C | 37 | B | 62 | A | 87 | C |
| 13 | C | 38 | B | 63 | A | 88 | B |
| 14 | B | 39 | C | 64 | B | 89 | A |
| 15 | C | 40 | D | 65 | B | 90 | D |
| 16 | B | 41 | D | 66 | D | 91 | D |
| 17 | B | 42 | D | 67 | B | 92 | A |
| 18 | B | 43 | C | 68 | C | 93 | C |
| 19 | B | 44 | C | 69 | B | 94 | C |
| 20 | D | 45 | A | 70 | D | 95 | A |
| 21 | C | 46 | D | 71 | A | 96 | B |
| 22 | D | 47 | C | 72 | B | 97 | A |
| 23 | A | 48 | D | 73 | ★ | 98 | C |
| 24 | A | 49 | A | 74 | D | 99 | C |
| 25 | D | 50 | C,D | 75 | A | 100 | D |

★ = 1 Mark given to all candidates

PariksaPath . pariksapath.in